# દેશભક્તિ ગીત

સંકલન : ભરતકુમાર એલ. ચૌહાણ

okanha.wordpress.com

રાષ્ટ્રગીત 'જન ગણ મન'

જનગણ-મન-અધિનાયક જય હે
ભારત ભાગ્યવિધાતા
પંજાબ સિંધ ગુજરાત મરાઠા
દ્રવિડ ઉત્કલ બંગ
વિંધ્ય હિમાચલ યમુના ગંગા
ઉચ્છલ જલધિતરંગ
તવ શુભ નામે જાગે
તવ શુભ આશિષ માગે
ગાહે તવ જય ગાથા
જનગણ-મંગલ-દાયક જય હે
ભારત ભાગ્યવિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે ||૧ ||

અહરહ તવ આવ્હાન પ્રચારિત
સુની તવ ઉદાર વાણી
હિંદુ, બૌદ્ધ, શીખ, જૈન, પારસિક
મુસલમાન, ખ્રીસ્તાની
પૂરબ પશ્ચિમ આસે,
તવ સિહાસન પાસે
પ્રેમહાર હય ગાથા
જનગણ-ઐક્યવિધાયક જય હે
ભારત ભાગ્યવિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે ||૨ ||

પતનઅભ્યુદયબંધુર પંથા
યુગ-યુગ ધાવિત યાત્રી
તુમ ચિર સારથિ, તવ રથચક્રે
મુખરિત પથ દિન-રાત્રી
દારુણ વિપ્લવ માજે,

તવ શંખધ્વની બાજે,
સંકટ-દુઃખત્રાતા
જનગણ-પથ-પરિચાયક જય હે
ભારત ભાગ્યવિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે || ૩ ||

ઘોરતિમિર-ઘનનિબિડ નિશીયે
પીડિત મૂર્છિત દેશે
જાગૃત છિલ તવ અવિચલ મંગલ
નત નયને અનિમેષે
દુઃસ્વપ્ને આતંકે,
રક્ષા કરિલે અંકે
સ્નેહમયી તુમ માતા
જનગણ-દુઃખ-ત્રાયક જય હે
ભારત ભાગ્યવિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે || ૪ ||

રાત્ર પ્રભાતિલ ઉદિલ રવિચ્છવિ,
પૂર્વ-ઉદયગીરી-ભાલે
ગાહે વિહંગમ પુણ્ય-સમીરણ
નવજીવન-રસ ઢાલે
તવ કરુણારુણ રાગે,
નિદ્રિત ભારત જાગે
તવ ચરણે નત માથા
જનગણ-મન-અધિનાયક જય હે
ભારત ભાગ્યવિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે || ૫ ||
~ કવિવર રવીન્દ્રનાથ ટાગોર ~

## વંદે માતરમ

વંદે માતરમ, વંદે માતરમ
સુજલામ સુફલામ મલયજ શીતલામ
સસ્ય શ્યામલમ માતરમ, વંદે માતરમ
શુભ્ર જયોત્સનામ્ પુલકિત યામિનીમ્
પુલ્લકુસુમિતદ્રુમદલ શોભિનીમ
સુહ્રાસિનીમ, સુમધુર ભાષિનીમ
સુખદામ વરદામ માતરમ.. વંદે માતરમ..વંદે માતરમ

વંદે માતરમ

(સંસ્કૃત મૂળ ગીત)
सुजलां सुफलां मलयजशीतलाम्
सस्य श्यामलां मातरंम् .
शुभ्र ज्योत्सनाम् पुलकित यामिनीम्
फुल्ल कुसुमित द्रुमदलशो□ नीम्,
सुहासिनीं सुमधुर □ ाषिणीम् .
सुखदां वरदां मातरम् ॥

कोटि कोटि कन्ठ कलकल निनाद कराले
द्विसप्त कोटि □ुजैर्धृत खरकरवाले
के बोले मा तुमी अबले
बहुबल धारिणीम् नमामि तारिणीम्
रिपुदलवारिणीम् मातरम् ॥

तुमि विद्या तुमि धर्म, तुमि हृदि तुमि मर्म
त्वं हि प्राणाः शरीरे
बाहुते तुमि मा शक्ति,
हृदये तुमि मा □ क्ति,
तोमारै प्रतिमा गडि मन्दिरे-मन्दिरे ॥

त्वं हि दुर्गा दशप्रहरणधारिणी
कमला कमलदल विहारिणी
वाणी विद्यादायिनी, नमामि त्वाम्
नमामि कमलां अमलां अतुलाम्
सुजलां सुफलां मातरम् ॥

श्यामलां सरलां सुस्मितां □ूषिताम्
धरणीं □ रणीं मातरम् ॥

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય

## અપના દેશ વિદેશ કે આગે હાથ ન ફૈલાયે

અપના દેશ વિદેશકે આગે હાથ ન ફૈલાયે
આજ જહાં હૈ રેત કલ વહાં ખેત મુસ્કરાયે.
ઐસા કરો કિ ગાંવ ગાંવમેં ગંગા લહરાયે. અપના દેશ...

મેહનતકા હી નામ હૈ વો, જિસકો કિસ્મત કહતે હૈ,
દો હાથોંકા ખેલ હૈ વો, જિસકો દૌલત કહતે હૈ.
હમ વહાં પસીના બહાયેંગે, મોતી વહાં ઉગાયેંગે,
નદિયાં બાંધે, નાહર નિકાલે, ખુશહાલી છાયે. અપના દેશ...

દેશકી હર એક ચીજ હૈ અપની, કયોં અપને હાથોં તોડે ?
ઇસકો બચના ફર્જ હૈ અપના, કયોં સરકાર પર છોડે ?
અપના હૈ ભારત સારા, હમેં પ્રાંત પ્રાંત હૈ પ્યારા
આપસકે હી ઇન દંગોમેં દેશ ન જલ જાયે. અપના દેશ...

- ઇન્દીવર

## અપની આઝાદીકો

અપની આઝાદીકો હમ હરગિજ મિટા સકતે નહીં, (૨)
સર કટા સકતે હૈ લેકિન, સર ઝુકા સકતે નહીં... અપની આઝાદી...

હમને સદિયોંમેં એ આઝાદીકી નેઅમત પાઈ હૈ,
સૈંકડો કુરબાનિયાં દેકાર, એ દૌલત પાઈ હૈ,
મુસ્કુરાકર ખાઈ હૈ સીનોંપે અપને ગોલિયાં,
કિતને વીરાનોંસે ગુજરે હૈ તો જન્નત પાઈ હૈ,
ખાકમેં હમ અપની ઈજ્જતકો મિલા સકતે નહીં... અપની આઝાદી...

ક્યા ચલેગી જુલ્મકી એહલે વફાકે સામને,
આ નહીં સકતા કોઈ શોલા હવાકે સામને,
લાખ ફોજે લે કે આયે અમ્નકા દુશ્મન કોઈ
રુક નહીં સકતા હમારી એકતાકે સામને
હમ વો પથ્થર હૈ જિસે દુશ્મન હિલા સકતે નહીં... અપની આઝાદી...

- શકીલ બદાયુની

અબ કોઈ ગુલશન ન ઉજડે

અબ કોઈ ગુલશન ન ઉજડે, અબ વતન આઝાદ હૈ,
રૂહ ગંગાકી હિમાલયકા બદન આઝાદ હૈ, ....          અબ કોઈ ગુલશન...

ખેતિયાં સોના ઉગાયે, વાદિયાં મોતી લુંટાયે
આજ ગૌતમકી જમીં, તુલસીકા વન આઝાદ હૈ,...     અબ કોઈ ગુલશન...

મંદિરોંમેં શંખ બાજે, મસ્જિદોમેં હો અજાન
શીખકા ધર્મ ઔર દીને બરહમન આઝાદ હૈ,...         અબ કોઈ ગુલશન...

લૂંટ કૈસી ભી હો અબ ઇસ દેશમેં રહને ન પાયેં
આજ સબકે વાસ્તે ધરતીકા ધન આઝાદ હૈ,...         અબ કોઈ ગુલશન...

- સાહિર લુધિયાનવી

## એ માલિક તેરે બંદે હમ

એ માલિક તેરે બંદે હમ, ઐસે હો હમારે કરમ,
નેકી પર ચલેં, ઔર બદીસે ટલેં, તાકિ હંસતે હુએ નીકળે દમ,... એ માલિક તેરે બંદે હમ...

બડા કમજોર હૈ આદમી, અભી લાખોં હૈ ઇસમેં કમી,
પર તૂ જો ખડા હૈ દયાળુ બડા, તેરી કિરપાસે ધરતી થમી,
દિયા તુને હમેં જબ જનમ, તૂ હી ઝેલેગા હમ સબકે ગમ,
નેકી પર ચલેં, ઔર બદીસે ટલેં, તાકિ હંસતે હુએ નીકળે દમ,... એ માલિક તેરે બંદે હમ...

યે અંધેરા ઘના છા રહા, તેરા ઇન્સાન ઘબરા રહા,
સો રહા બેખબર, કુછ ન આતા નજર,
સુખકા સૂરજ છિપા જ રહા,
હૈ તેરી રોશનીમેં વો દમ, તો અમાવસકો કર દે પૂનમ,
નેકી પર ચલેં, ઔર બદીસે ટલેં, તાકિ હંસતે હુએ નીકળે દમ,... એ માલિક તેરે બંદે હમ...

જબ જુલ્મોંકા હો સામના (૨) તબ તૂ હી હમેં થામના,
વો બુરાઈ કરેં હમ ભલાઈ ભરેં, નહીં બદલેકી હો કામના,
બઢ ઉઠે પ્યારકા હર કદમ, ઔર મિટે બૈરકા યે ભરમ,
નેકી પર ચલેં, ઔર બદીસે ટલેં, તાકિ હંસતે હુએ નીકળે દમ,... એ માલિક તેરે બંદે હમ...

- ભરત વ્યાસ

## એ મેરે પ્યારે વતન

એ મેરે પ્યારે વતન, એ મેરે બિછડે ચમન, તુઝપે દિલ કુરબાન,
તૂ હી મેરી આરઝૂ, તૂ હી મેરી આબરુ, તૂ હી મેરી જાન. એ મેરે પ્યારે વતન...

તેરે દામન સે જો આએ ઉન હવાઓંકો સલામ (૨)
ચૂમ લૂં મૈં ઉસ જુબાંકો જિસપે આએ તેરા નામ.
સબસે પ્યારી સુબહ તેરી સબસે રંગીતેરી શામ,
તુઝપે દિલ કુરબાન. તૂ હી મેરી...

માંકા દિલ બનકે કભી સીનેસે લગ જાતા હૈ તૂ,
ઔર કભી નન્હી-સી બેટી બનકે યાદ આતા હૈ તૂ.
જિતના યાદ આતા હૈ મુઝકો ઉતના તડપાતા હૈ તૂ,
તુઝપે દિલ કુરબાન. તૂ હી મેરી...

છોડકર તેરી જમીં કો દૂર આ પહુંચે હૈ હમ,
ફિર ભી હૈ યેહી તમન્ના તેરે જર્રો કી કસમ.
હમ જહાં પૈદા હુએ ઉસ જગહ હી નિકલે દમ,
તુઝપે દિલ કુરબાન. તૂ હી મેરી...
એ મેરે પ્યારે વતન..... તૂ હી મેરી...

- પ્રેમધવન

## એ મેરે વતન કે લોગો

એ મેરે વતન કે લોગોં, તુમ ખુબ લગો લો નારા,
યે શુભ દિન હૈ હમ સબકા, લહરા લો ત્રિરંગા પ્યારા,
પર મત ભૂલો સીમા પર, વીરોંને હૈ પ્રાણ ગંવાયે,
કુછ યાદ ઉન્હેં ભી કર લો (૨) જો લૌટકે ઘર ના આયે (2)

એ મેરે વતન કે લોગોં જરા આંખમેં ભર લો પાની,
જો શહીદ હુએ હૈ ઉનકી ,જરા યાદ કરો કુરબાની, એ મેરે વતન કે લોગોં...

જબ ઘાયલ હુઆ હિમાલય, ખતરે મેં પડી આઝાદી,
જબ તક થી સાંસ,લડે વો (૨) ફિર અપની લાશ બિછાદી,
સંગીન પે ધરકર માથા સો ગયે અમર બલિદાની,
જો શહીદ હુએ હૈ ઉનકી ,જરા યાદ કરો કુરબાની, એ મેરે વતન કે લોગોં...

જબ દેશ મેં થી દિવાલી, વો ખેલ રહે થે હોલી,
જબ હમ બેઠે થે ઘરોં મેં (૨) વો ઝેલ રહે થે ગોલી,
થે ધન્ય જવાન વો અપને, થી ધન્ય વો ઉનકી જવાની.
જો શહીદ હુએ હૈ ઉનકી ,જરા યાદ કરો કુરબાની, એ મેરે વતન કે લોગોં...

કોઈ શીખ,કોઈ જાટ,મરાઠા (૨) કોઈ ગુરખા,કોઈ મદ્રાસી (૨)
સરહદ પે મરનેવાલા (૨) હર વીર થા ભારતવાસી,
જો ખૂન ગિરા પર્વત પર વો ખૂન થા હિન્દુસ્તાની
જો શહીદ હુએ હૈ ઉનકી ,જરા યાદ કરો કુરબાની, એ મેરે વતન કે લોગોં...

થી ખૂન સે લથપથ કાયા, ફિર ભી બંદૂક ઉઠાકે,
દશ દશકો એકને મારા, ફિર ગિર ગયે હોંશ ગંવાકે
જબ અંત સમય આયા તો (૨) કહ ગયે કિ અબ મરતે હૈ,
ખુશ રહના દેશ કે પ્યારો (૨) અબ હમ તો સફર કરતે હૈ (૨)
ક્યા લોગ થે વો દિવાને, ક્યા લોગ થે વો અભિમાની ?
જો શહીદ હુએ હૈ ઉનકી ,જરા યાદ કરો કુરબાની, એ મેરે વતન કે લોગોં...

તુમ ભૂલ ન જાઓ ઉનકો, ઇસલિયે કહી યે કહાની.
જો શહીદ હુએ હૈ ઉનકી ,જરા યાદ કરો કુરબાની, એ મેરે વતન કે લોગોં...

જય હિન્દ... જય હિન્દ કી સેના... જય હિન્દ... જય હિન્દ કી સેના...
જય હિન્દ... જય હિન્દ... જય હિન્દ...

- પ્રદીપ

આઓ બચ્ચો તુમ્હે દિખાયેં

આઓ બચ્ચો તુમ્હે દિખાયેં ઝાંખી હિન્દુસ્તાનકી,
ઈસ મિટ્ટી સે તિલક કરો યે ધરતી હૈ બલિદાન કી,
વંદ માતરમ, વંદે માતરમ (૨)

ઉતર મેં રખવાલી કરતા, પર્વતરાજ વિરાટ હૈ,
દક્ષિણ મેં ચરણો કો ધોતા, સાગરકા સમ્રાટ હૈ,
જમનાજી કે તટ કો દેખો, ગંગા કા યે ઘાટ હૈ,
બાટ-બાટપે હાટ-હાટમેં યહાં નિરાલા ઠાઠ હૈ,
દેખો યે તસ્વીરે અપને ગૌરવ કી અભિમાની કી,
ઈસ મિટ્ટી સે...વંદે માતરમ (૪)

યે હૈ અપના રાજપુતાના નાઝ ઈસે તલવારોં પે,
જીસને સારા જીવન કાટા બચ્છી,તીર કટારો સે,
યે પ્રતાપ કા વતન પલા હૈ આઝાદી કે નારો સે,
કૂદ પડીથી યહાં હજારો પદ્મિનિયાં અંગારો પે,
બોલ રહી હે કણ-કણ સે કુરબાની રાજસ્થાન કી,
ઈસ મિટ્ઠી સે, વંદે માતરમ (૪)

દેખો મુલ્ક મરાઠો કા યે યહાં શિવાજી ડોલા થા,
મુગલોં કી તાકત કો, જીસને તલવારોં સે તોલા થા,
હર પર્વત પે આગ લગીથી, હર પથ્થર એક શોલા થા,
બોલી હર હર મહાદેવ કી, બચ્ચા બચ્ચા બોલા થા,
દેખ શિવાજી ને રખી થી, લાજ હમારી શાન કી,
ઈસ મિટ્ટી સે...... વંદે માતરમ (૪)

જલિયાંવાલા બાગ યે દેખો યહાં ચાલી થી ગોલિયાં,
યે મત પૂછો કિસને ખેલી યહાં ખૂનકી હોલિયાં.
એક તરફ બંદૂકે દન દન એક તરફ થી ટોલિયાં,
મરનેવાલે બોલ રહે થે ઇન્કલાબકી બોલિયાં,
યહાં લગા દી બહેનોને ભી બાજી અપની જાનકી,
ઈસ મિટ્ટી સે...... વંદે માતરમ (૪)

યે દેખો બંગાલ યહાંકા, હર ચપ્પા હરિયાલા હૈ,
યહાંકા બચ્ચા બચ્ચા અપને દેશ પે મરનેવાલા હૈ,
ઢાલા હૈ ઇસકો બિજલીને, ભૂચાલોને પાલા હૈ,
મુઠ્ઠીમેં તૂફાન બંધા હૈ, ઔર પ્રાણમેં જ્વાલા હૈ,
જન્મભૂમિ હૈ યહી હમારે, વીર સુભાષ મહાનકી,
ઈસ મિટ્ટી સે...... વંદે માતરમ (૪)

- પ્રદીપ

ઐ વતન ઐ વતન, હમકો તેરી કસમ

ઐ વતન ઐ વતન, હમકો તેરી કસમ
તેરી રાહોંમેં જાં તક લુટા જાએંગે
ફૂલ ક્યા ચીજ હૈ, તેરે કદમોંપે હમ
ભેંટ અપને સરોંકી ચઢા જાએંગે ...     ઐ વતન ઐ વતન...

કોઈ પંજાબસે, કોઈ મહારાષ્ટ્રસે, કોઈ યુપીસે હૈ, કોઈ બંગાલસે (૨)
તેરી પૂજાકી થાલીમેં લાએ હૈ હમ (૨) ફૂલ હર રંગકે, આજ હર ડાલકે
નામ કુછ ભી સહી, પર લગન એક હૈ
જોતસે જોત દિલકી જગા જાએંગે...     ઐ વતન ઐ વતન...

તેરી જાનિબ ઉઠી જો કહરકી નજર
ઉસ નજરકો ઝુકાકે હી દમ લેંગે હમ
તેરી ધરતીપે હૈ જો કદમ ગૈરકા
ઉસ કદમકા નિશાં તક મિટા દેંગે હમ (૨)
જો ભી દીવાર આએગી અબ સામને
ઠોકરસે ઉસે હમ ગિરા જાએંગે ...     ઐ વતન ઐ વતન...

- પ્રેમધવન

## કર ચલે હમ ફિદા જાનો તન

કર ચલે હમ ફિદા જાનો તન સાથીઓ
અબ તુમ્હારે હવાલે વતન સાથીઓ. કર ચલે....

સાંસ થમતી ગઈ, નબ્જ જમતી ગઈ
ફિર ભી બઢતે કદમકો ન રુકને દિયા
કટ ગએ સર હમારે તો કુછ ગમ નહીં
સર હિમાલયકા હમને ન ઝૂકને દિયા
મરતે મરતે રહા બાંકપન સાથીઓ. અબ તુમ્હારે હવાલે....

જિન્દા રહનેકે મૌસમ બહોત હૈ મગર
જાન દેનેકી રુત રોજ આતી નહીં
હુસ્ન ઔર ઈશ્ક દોનોંકો રૂસવા કરે
વો જવાની જો ખૂંમેં નહાતી નહીં
આજ ધરતી બની હૈ દુલ્હન સાથીઓ . અબ તુમ્હારે હવાલે...

રાહ કુર્બાનીઓંકી ન વીરાન હો
તુમ સજાતે હી રહના નયે કાફિલે
ફતહકા જશ્ન ઇસ જશ્ન કે બાદ હૈ
જિંદગી મૌત સે મિલ રહી હૈ ગલે
બાંધ લો અપને સરસે કફન સાથીઓ. અબ તુમ્હારે હવાલે...

- કૈફી આઝમી

## છોડો કલકી બાતેં

છોડો કલકી બાતેં, કલકી બાત પુરાની,
નયે દૌરમેં લિખેંગે હમ મિલકર નયી કહાની.
હમ હિન્દુસ્તાની, હમ હિન્દુસ્તાની (૨)

આજ પુરાની જંજીરોકો તોડ ચુકે હૈ,
ક્યાં દેખે ઉસ મંઝિલોકો જો છોડ ચુકે હૈ,
ચાંદકે દરપે જ પહુંચા હૈ આજ જમાના,
નયે જગતસે હમ ભી નાતા જોડ ચુકે હૈ.
નયા ખૂન હૈ, નયી ઉમંગે, અબ હૈ નયી જવાની. હમ હિન્દુસ્તાની...

આઓ મહેનતકો અપના ઈમાન બનાયેં,
અપને હાથોંકો અપના ભગવાન બનાયેં,
રામકી ઇસ ધરતીકો, ગૌતમકી ભૂમિકો,
સપનોંસે ભી પ્યારા, હિન્દુસ્તાન બનાયેં.
નયા ખૂન હૈ, નયી ઉમંગે, અબ હૈ નયી જવાની. હમ હિન્દુસ્તાની...

હર જર્રા હૈ મોતી, આંખ ઉઠાકર દેખો,
મિટ્ટીમેં સોના હૈ હાથ બઢાકર દેખો,
સોનેકી એ ગંગા હૈ, ચાંદીકી યમુના,
ચાહો તો પથ્થરમેં ધાન ઉગાકાર દેખો.
નયા ખૂન હૈ, નયી ઉમંગે, અબ હૈ નયી જવાની. હમ હિન્દુસ્તાની...

- પ્રેમધવન

## જહાં ડાલ ડાલ પર સોનેકી

જહાં ડાલ ડાલ પર સોનેકી ચિડિયાં કરતી હૈ બસેરા
વો ભારત દેશ હૈ મેરા, (૨)
જહાં સત્ય અહિંસા ઔર ધરમકા પગ પગ લગતા ડેરા,
વો ભારત દેશ હૈ મેરા, (૨)

એ ધરતી વો જહાં ઋષિ-મુનિ જપતે પ્રભુનામકી માલા,
જહાં હર બાલક ઇક મોહન હૈ ઔર રાધા ઇક ઇક બાલા.
જહાં સૂરજ સબસે પહલે આકર, ડાલે અપના ડેરા.
વો ભારત દેશ હૈ મેરા, (૨)

જહાં ગંગા, જમના, ક્રિષ્ના ઔર કાવેરી બહેતી જાયે,
જહાં ઉત્તર-દક્ષિણ, પૂરબ-પશ્ચિમકો અમૃત પિલવાયે
કહીં યે ફળ ઔર ફૂલ ઉગાયે, કેસર કહીં બિખેરા.
વો ભારત દેશ હૈ મેરા, (૨)

અલબેલોકી ઇસ ધરતીકે, ત્યૌહાર ભી હૈ અલબેલે,
કહીં દિવાલીકી ઝગમગ હૈ, હોલીકે કહીં મેલે,
જહાં રાગ રંગ ઔર હસીખુશીકા ચારો ઔર હૈ ઘેરા.
વો ભારત દેશ હૈ મેરા, (૨)

જહાં આસમાનસે બાતેં કરતે મંદિર ઔએ શિવાલે,
કિસી નગરમેં કિસી દ્વાર પર કોઈ ન તાલા ડાલે,
ઔર પ્રેમકી બંસી જહાં બજાતા, આયે શામ સવેરા.
વો ભારત દેશ હૈ મેરા, (૨)

- રાજેન્દ્ર કૃષ્ણ

દે દી હમેં આઝાદી

દે દી હમેં આઝાદી બિના ખડગ બિના ઢાલ,
સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ.
આંધી મેં ભી જલતી રહી ગાંધી તેરી મશાલ,
સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ ... દે દી...
રઘુપતિ રાઘવ રાજા રામ

ધરતી પે લડી તુને અજબ ઢંગ કી લડાઇ,
દાગી ના કહીં તોપ ના બંદૂક ચલાઇ,
દુશ્મન કે કિલે પર ભી ના કી તૂને ચડાઇ,
વાહ રે ફકીર ખૂબ કરામાત દિખાઇ,
ચૂટકીમેં દુશ્મનો કો દિયા દેશ સે નિકાલ.
સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ દે દી...

શતરંજ બિછા કર યહાં બૈઠાથા જમાના
લગતા થા મુશ્કિલ હૈ ફિરંગી કો હરાના
ટક્કર થી બડે જોર કી દુશ્મન ભી થા તાના
પર તુ ભી થા બડા ઉસ્તાદ પુરાના
મારા વો કસ કે દાંવ કે ઉલ્ટી સભીકી ચાલ
સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ ... દે દી...
રઘુપતિ રાઘવ રાજા રામ

જબ જબ તેરા બિગુલ બજા જવાન ચલ પડે,
મજદૂર ચલ પડે થે, ઔર કિસાન ચલ પડે,
હિન્દુ વ મુસલમાન, શીખ, પઠાન  ચલ પડે,
કદમોંમેં તેરી કોટિ કોટિ પ્રાણ ચલ પડે
ફૂલોંકી સેજ છોડ કે દૌડે જવાહરલાલ
સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ ... દે દી...
રઘુપતિ રાઘવ રાજા રામ

મન મેં થી અહિંસા કી લગન તન પે લંગોટી.

લાખોં મૈં ઘૂમતા થા લિયે સત્ય કી સોંટી
વૈસે તો દિખને મૈં થી હસ્તી તેરી છોટી
લેકિન તુઝે ઝૂકતી થી હિમાલય કી ભી ચોટી.
દુનિયા મૈં તુ બેજોડ થા ઇન્સાન બેમિસાલ
સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ ... દે દી...
રઘુપતિ રાઘવ રાજા રામ

જગ મૈં કોઈ જિયા હૈ તો બાપુ તુ હી જિયા
તુને વતન કી રાહપે સબ કુછ લુટા દિયા
માંગા ન કોઇ તખ્ત ના કોઇ તાજ ભી લિયા
અમર્ત દિયા તો ઠીક મગર ખુદ ઝહર પિયા
જિસ દિન તેરી ચિતા જલી, રોયા થા મહાકાલ
સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ ...
દે દી હમેં આઝાદી બિના ખડગ બિના ઢાલ
સાબરમતી કે સંત તૂને કર દિયા કમાલ
રઘુપતિ રાઘવ રાજા રામ

- પ્રદીપ

નન્હા મુન્ના રાહી હૂં

નન્હા મુન્ના રાહી હૂં, દેશકા સિપાહી હૂં,
બોલો મેરે સંગ જયહિન્દ, જયહિન્દ,
જયહિન્દ જયહિન્દ જયહિન્દ.

રસ્તેપે ચલૂંગા ન ડર-ડરકે, ચાહે મુઝે જીના પડે મર-મરકે,
મંઝિલસે પહલે ન લૂંગા કહીં દમ, આગે હી આગે બઢાઉંગા કદમ,
દાહિને બાંયે દાહિને બાંયે, થમ... નન્હા મુન્ના રાહી હૂં...

બડા હોકે દેશકા સહારા બનૂંગા, દુનિયાકી આંખોકા તારા બનુંગા,
રખૂંગા ઊંચા, તિરંગા હરદમ, આગે હી આગે બઢાઉંગા કદમ,
દાહિને બાંયે દાહિને બાંયે, થમ... નન્હા મુન્ના રાહી હૂં...

શાંતિકી નગરી હૈ મેરા યે વતન, સબકો સીખાઉંગા મૈં પ્યારકા ચલન,
દુનિયામેં ગિરને ન દૂંગા કહીં બમ, આગે હી આગે બઢાઉંગા કદમ,
દાહિને બાંયે દાહિને બાંયે, થમ... નન્હા મુન્ના રાહી હૂં...

- શકીલ બદાયુની

મેરા રંગ દે બસંતી ચોલા

મેરા રંગ દે બસંતી ચોલા, મેરા રંગ દે ...
મેરા રંગ દે બસંતી ચોલા, ઓએ રંગ દે બસંતી ચોલા (૨)

દમ નીકલે ઇસ દેશકી ખાતિર, બસ ઇતના અરમાન હૈ,
એક બાર ઇસ રાહમેં મરના, સો જન્મોંકે સમાન હૈ,
દેખકે વીરોંકી કુરબાની (૨) અપના દિલ ભી બોલા...
મેરા રંગ દે બસંતી ચોલા...

જિસ ચોલેકો પહન શિવાજી ખેલે અપની જાનપે,
જિસે પહન ઝાંસીકી રાની મિટ ગઈ અપની આનપે,
આજ ઉસીકો પહનકે નિકલા (૨) હમ મસ્તોંકા ટોલા...
મેરા રંગ દે બસંતી ચોલા...

- પ્રેમધવન

મેરે દેશકી ધરતી

મેરે દેશકી ધરતી (૨) સોના ઉગલે, ઉગલે હીરે-મોતી,
મેરે દેશકી ધરતી...

બૈલોકે ગલેમેં જબ ઘૂંઘરૂં, જીવનકા રાગ સુનતે હૈ,
ગમ કોસોં દૂર હો જાતા હૈ , ખુશિયોંકે કમલ મુસ્કાતે હૈ,
સુનકે રેહટકી આવાજેં (૨) યું લગે કહીં શહનાઈ બજે,
આતે હી મસ્ત બહારોંકે દુલ્હનકી તરહ હર ખેત સજે.
મેરે દેશકી ધરતી...

જબ ચલતેં હૈ ઇસ ધરતીપે હલ, મમતા અંગડાઇયાં લેતી હૈ,
ક્યું ના પૂજે ઇસ માટીકો, જો જીવનકા સુખ દેતી હૈ,
ઇસ ધરતીપે જિસને જનમ લિયા (૨) ઉસને હી પાયા પ્યાર તેરા,
યહાં અપના પરાયા કોઈ નહીં (૨) હૈ સબપે માં ઉપકાર તેરા.
મેરે દેશકી ધરતી...

યે બાગ હૈ ગૌતમ-નાનકકા, ખિલતે હૈ અમનકે ફૂલ યહાં,
ગાંધી, સુભાષ (૨) ટૈગોર, તિલક, ઐસે હૈ ચમનકે ફૂલ યહાં,
રંગ હરા હરિસિંહ નલવેસે, રંગ લાલ હૈ લાલબહાદુરસે,
રંગ બના બસંતી ભગતસિંઘ (૨) રંગ અમનકા વીર જવાહરસે,
મેરે દેશકી ધરતી...

- ગુલશન બાવરા

## યે દેશ હૈ વીર જવાનોંકા

યે દેશ હૈ વીર જવાનોંકા, અલબેલોંકા, મસ્તાનોંકા,
ઇસ દેશકા યારોં (૨) ક્યા કહ્ના, યહ દેશ હૈ દુનિયાકા ગહ્ના,

યહાં ચૌડી છાતી વીરોંકી, યહાં ભોલી શકલેં હીરોંકી,
યહાં ગાતે હૈ રાંઝે (૨) મસ્તીમેં, મચતી હૈ ધૂમે બસ્તીમેં,

પેડોંપે બહારેં ઝૂલોંકી, રાહોંમેં કતારેં ફૂલોંકી,
યહાં હસતા હૈ સાવન (૨) બાલોંમેં, ખીલતી હૈ કલિયાં ગાલોંમેં,

કહીં દંગલ શોખ જવાનોંકે, કહીં કરતબ તીર કમાનોંકે,
યહાં નિત નિત મેલે (૨) સજતે હૈ, નિત ઢોલ ઔર તાંસે બજતેં હૈ,

દિલબરકે લિએ દિલદાર હૈ હમ, દુશ્મનકે લિયે તલવાર હૈ હમ,
મેંદાંમેં અગર હમ (૨) ડટ જાયેં, મુશ્કિલ હૈ કિ પીછે હટ જાયેં.

- સાહિર લુધિયાનવી

## સારે જહાં સે અચ્છા હિંદુસ્તાં હમારા

સારે જહાં સે અચ્છા હિંદુસ્તાં હમારા
હમ બુલ બુલ હે ઈસકી યે ગુલિસ્તાં હમારા
ગુબત મેં, હો અગર હમ,રહતા હૈ દિલ વતન મેં
સમજો વહી હમેં ભી, દિલ હો જહાં હમારા.......સારે જહાં
પર્વત વો સબસે ઉંચા હમ સાયા આસમાં કા,
વો સંતરી હમારા, વહ પાસબા હમારા....સારે જહાં
ગોદી મેં ખેલતી હૈ., જીસકે હજારો નદીયાં
ગુલશન હૈ જીસકે દમ સે જીના હમારા...સારે જહાં
અય આબે રૂદે ગંગા,વહ દિન યાદ હૈ તુઝકો,
ઉતરા તેરે કિનારે, જબ કારવાં હમારા... સારે જહાં
મજહબ નહીં શિખાતા આપસ મેં બૈર રખના
હિન્દી હૈ હમ વતન હૈ હિંદુસ્તા હમારા....સારે જહાં
યુનાન,મિશ્ર,રોમ સબ મિટ ગયે જહાં સે,
અબ તક મગર હૈ બાકી, નામોનિશાં હમારા....સારે જહાં
કુછ બાત હૈ કિ હસ્તી,મિટતી નહિં હમારી,
સદીયોં રહા હૈ દુશ્મન,દોરે જહાં હમારા...સારે જહાં
ઈકબાલ કોઈ મરહમ,અપના નહિં જહાં મેં,
માલૂમ કયા કિસીકો,દર્દે –નિશા હમારા....સારે જહાં

- સ્વ.શાયર મહંમદ ઈકબાલ

## સારે જહાં સે અચ્છા

સારે જહાં સે અચ્છા હિંદુસ્તાં હમારા (૨)
હમ બુલ બુલ હે ઈસકી યે ગુલસિતા હમારા (૨)
પરબત હૈ ઇસકે ઊંચે, પ્યારી હૈ ઇસકી નદિયાં (૨)
આકાશમેં ઇસીકે ગુજરી હજારો સદિયાં (૨)
હસતા હૈ બીજલિયોં પર યે આશિયાં હમારા.
હમ બુલ બુલ હે ઈસકી

વીરાન કર દિયા ઠા આંધીને ઇસ ચમનકો (૨)
દેકાર લહુ બચાયા, ગાંધીને ઇસ ચમનકો (૨)
રક્ષા કરેગા ઇસકી, હર નવજવાં હમારાં.
હમ બુલ બુલ હે ઈસકી

- રાજા મહેંદી અલીખાં

## હૈ પ્રીત જહાં કિ રીત સદા

હૈ પ્રીત જહાં કિ રીત સદા (૨) મૈં ગીત વહાંકે ગાતા હૂં,
ભારતકા રહનેવાલા હૂં, ભારતકી બાત સુનાતા હૂં.

કાલે ગોરેકા ભેદ નહીં, હર દિલસે હમારા નાતા હૈ,
કુછ ઔર ન આતા હો હમકો, હમેં પ્યાર નિભાના આતા હૈ,
જિસે માન ચુકી સારી દુનિયા (૨) મૈં બાત (૨) વહી દોહરાતા હૂં,
ભારતકા રહનેવાલા હૂં, ભારતકી બાત સુનાતા હૂં.

જીતે હોં કિસીને દેશ ટો ક્યા, હમને ટો દિલોંકો જીતા હૈ,
જહાં રામ અભી તક હૈ નરમેં, નારીમેં અભી તક સીતા હૈ,
જિતને પાવન હૈ લોગ જહાં (૨) મૈં નિત નિત (૨) શીશ ઝુકાતા હૂં,
ભારતકા રહનેવાલા હૂં, ભારતકી બાત સુનાતા હૂં.

ઇતની મમતા નદીઓંકો ભી જહાં માતા કહકે બુલાતે હૈ,
ઇતના આદર ઇન્સાન તો ક્યા પથ્થર ભી પૂજે જાતે હૈ,
ઉસ ધરતીપે મૈંને જનમ લિયા (૨) યે સોચ (૨) કે મૈં ઇતરાતા હૂં,
ભારતકા રહનેવાલા હૂં, ભારતકી બાત સુનાતા હૂં.

હૈ પ્રીત જહાં કિ રીત સદા (૨) મૈં ગીત વહાંકે ગાતા હૂં,
ભારતકા રહનેવાલા હૂં, ભારતકી બાત સુનાતા હૂં.

- ગુલશન બાવરા

## હોઠોંપે સચ્ચાઈ રહતી હૈ

હોઠોંપે સચ્ચાઈ રહતી હૈ જહાં દિલમેં સફાઈ રહતી હૈ
હમ ઉસ દેશકે વાસી હૈ (૨) જિસ દેશમેં ગંગા બહતી હૈ

મેહમાં જો હમારા હોતા હૈ વો જાનસે પ્યારા હોતા હૈ
જ્યાદાકિ નહીં લાલચ હમકો (૨) થોડેમેં ગુજારા હોતા હૈ (૨)
બચ્ચોંકે લિએ જો ધરતીમાં સદિયોંસે સભી કુછ સહતી હૈ
હમ ઉસ દેશકે વાસી હૈ (૨) જિસ દેશમેં ગંગા બહતી હૈ

કુછ લોગ જો જ્યાદા જાનતે હૈ ઇન્સાનકો કમ પહચાનતે હૈ
યે પૂરબ હૈ પૂરબ વાલે, હર જાનકી કીમત જાનતે હૈ (૨)
મિલ-જુલકે રહો ઔર પ્યાર કરો ઇક ચીજ યહી તો રહતી હૈ
હમ ઉસ દેશકે વાસી હૈ (૨) જિસ દેશમેં ગંગા બહતી હૈ

જો જિસસે મિલા સીખા હમને ગૈરોંકો ભી અપનાયા હમને
મતલબકે લિએ અંધે હોકર રોટીકો નહીં પૂજા હમને (૨)
અબ તો ક્યા સારી દુનિયા સારી દુનિયા યે કહતી હૈ
હમ ઉસ દેશકે વાસી હૈ (૨) જિસ દેશમેં ગંગા બહતી હૈ

- શૈલેન્દ્ર

કર ચલે હમ ફિદા

કર ચલે હમ ફિદા જાનો તન સાથિયો,
અબ તુમ્હારે વતન સાથિયો.

સાંસ થમતી ગઇ,રક્ત જમતી ગઇ,
ફિરભી બઢતે કદમકો ,ન રુકને દિયા,
કટગયે સર હમારે તો કુછ ગમ નહીં,
સર હિમાલયકા ન ઝૂકને દિયા.
મરતે મરતે રહા બાંકાપન સાથિયો,
અબ તુમ્હારે હવાલે વતન સાથિયો.

જિંદા રહનેકે મૌસમ બહુત હૈ મગર,
જાન દેનેકી રુત રોજ આતી નહીં.
હુસ્ન ઔર ઇશ્ક દોનો કો રુસ્વા કરે,
વો જવાની જો ખુનમેં નહાતી નહીં.
આજ ધરતી બની હૈ દુલ્હન સાથિયો
અબ.....

રાહ કુરબાનીઓકી ન વિરાન હો,
તુમ સજાતે હી રહના નયે કાફિલે.
ફતેહકા જશ્ ન,ઇસ જશ્ ન્ કે બાદ હૈ,
જિંદગી મૌતસે મિલ રહી હૈ ગલે.
બાંધલો અપને સરપે કફન સાથિયો,
અબ.....

ખીંચ દો અપને ખૂનસે જમીં પર લકીર,
ઇસ તરફ આને પાયે ન રાવણ કોઇ ,
તોડદો હાથ અગર હાથ ઉઠને લગે
છૂને પાયે ન સીતા કા દામન કોઇ,
રામ ભી તુમ, તુમ હી લક્ષ્મણ સાથિયો
અબ તુમ્હારે હવાલે વતન સાથિયો.

અમારી આઝાદી...

ભલે સુખચેનથી જીવનતણી માણી ન ખુશાલી
ભલે કૈં સેંકડો સંકટ તણા વિષની પીધી પ્યાલી !
ભલે છે દૂર મંઝીલ ને ભલે રહી દૂર આબાદી
છતાં છે પ્રાણથી પ્યારી અમોને " દેશ-આઝાદી"...!...1

ભલે દુનિયા બધી વર્ષાવતી ખંજર મુશીબતનાં,
સહી લેશું સીતમ જખ્મો, દઇ મંત્રો મહોબ્બતના !
ભલે આધિ અને વ્યાધિ બધે અમ પર રહી લાધી,
છતાં છે પ્રાણથી પ્યારી અમોને " દેશ-આઝાદી"...!...2

હજૂ આઝાદીનું આ વૃક્ષ છે નાનું અને વાંકુ
કહો ક્યાંથી શકે અર્પી હજૂ એ ફળ મીઠું પાકું !
પછી દુનિયા નિહાળે છો, વિકટ હાલતમાં બરબાદી
છતાં છે પ્રાણથી પ્યારી અમોને " દેશ-આઝાદી"...!...3

અમારી આત્મશ્રધ્ધાથી જગાવીશું નવો પલ્ટો
જહાંના પંથથી ન્યારો રચાવીશું નવો રસ્તો !
લખી ઇતિહાસને પાને શહાદતની અમે યાદી –
છતાં છે પ્રાણથી પ્યારી અમોને " દેશ-આઝાદી"...!...4

નક્કી દિન આવશે એવો જહાં જ્યારે ચકિત થાશે
અમારી કીર્તિ ગાથાઓ તણાં ગૌરવ-ગીતો ગાશે...
ગુલામી વિશ્વની ટાળી રચીશું વિશ્વ-આબાદી
અમોને પ્રાણથી પ્યારી અમારી " દેશ-આઝાદી"...!...5

હજૂ છે નાવ મઝધારે જવું છે દૂર કિનારે
ભલે તોફાન છે ભારે છતાં કૈં ડર ન લગારે....!
દૂવા "બાપુ" તણી સાથી, " જવાહર" ટાળશે આંધી !
અમોને પ્રાણથી પ્યારી અમારી " દેશ-આઝાદી"...!...6 - *રવિ ઉપાધ્યાય*

ભારત દેશ મહાન

ભારત દેશ મહાન, મારો ભારત દેશ મહાન,
રહો રાતદિન રમતો સૌને હૈયે હિન્દુસ્તાન.

ઉત્તરમાં છે શુભ્ર હિમાલય, મહાસાગર દક્ષિણે,
જગન્નાથ ને દ્વારકેશ છે ઉગમણે આથમણે,
કોટિ કોટિ હિન્દુજન ગરવા છે એનાં સંતાન.

અહીં સેંકડો નદીઓ એનાં અમૃત જલજલ ધાવે,
ડુંગર ડુંગર દેવદેવીઓ અમીદૃષ્ટિ વરસાવે,
ફલ ફુલ ને અન્નકોષની(?) દેતી ધરણી દાન.

રામકૃષ્ણ, મહાવીર, શિવાજી, રાણા, સાંગા પાક્યા,
સંત, સતી ને દાતા, શૂરા- પાને પાને ટાંક્યા,
ગૌપાલન ને ધર્મ સનાતન સંસ્કૃતિનાં સન્માન.

ભારતમાતા પૂન્યભૂમિ ને પિતૃભૂમિ કલ્યાણી,
અનેકતામાં ઐક્યમંત્ર છે ગાતી ઋષિમુનિ વાણી,
સંગ સાધના કરતાં પ્રગટે નિજદેશાભિમાન.

ભારત દેશ મહાન… ભારત દેશ મહાન.

જા રે ઝંડા જા

જા રે ઝંડા જા
ઉંચે ગગન, થઈને મગન, લહેરા જા..

મૂકયા જેણે માથા, એની યશોગાથા,
ફરકી ફરકી ગા. જા..
જા રે ઝંડા જા..

શહીદ થઈને તારે ચરણે સૂતા લાડકવાયા
સ્વાધીનતાના તાણે વાણે એના હજુ પડછાયા

મુક્ત થઈ છે તો મુક્ત જ રહેશે,
તારે કારણ મા..
જા રે ઝંડા જા..

દિવાલ થઈને ઉભો હિમાલય
મુઠ્ઠીમાં મહેરામણ
ઘરના પરના દુશ્મન સાથે
ખેલાશે સમરાંગણ

મુક્ત ધરા છે, મુક્ત ગગન છે
મુક્ત જીવતની જ્યોત જલે
ફૂલ્યો ફાલ્યો ફાગણ રહેશે
સ્વાધીનતાનો રંગ ઢળે

આભને બુરજ એક જ સૂરજ
તું બીજો સૂરજ થા..
જા રે ઝંડા જા..

– અવિનાશ વ્યાસ

૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭

જે દિવસની અમે રાહ જોતા હતા તે તું છે ? આવ.
જેની ઉષાનો પાલવ દૂધમલ શહીદો તણા
પવિત્ર રક્તથી થયો રંજિત, તે તું છે ? આવ.
જેની પ્રભાત-લહરી મહીં અમ સ્વપ્નભરી
આશાઓની ખુશ્બો જઈ વસી છે, તે તું જ ? આવ.
આવ હે સુદિન અમ મુક્તિ તણા !

ઊગેલો જે સૂર્ય આર્ય-ગોત્રો પરે,
ગાયત્રીમંત્રની શુચિ વંદનાને પામેલો જે,
હોમાગ્નિના સુગંધી ધૂપે જે સદા સ્પર્શાયેલો;
સિંધુતટ ઉપરના પાતાલ-વિલીન મહા
હડપ્પા આદિ પ્રાચીન નગરોની અગાશીએ
હાસ્યના ફુવારા નિત્ય ઉડાવી રમેલો જેહ;
કુરુક્ષેત્રમાં ક્યારેક સુભટોના ધનુષ્યોના
ટંકારે જાગ્રત થયો, કૈંક વાર ફેલાયેલી
સર્વભક્ષી ખડ્ગજિહ્વાઓ પરે જે નર્તી રહ્યો;
શક હૂણો ક્ષત્રપો ને ગુર્જરોનાં -
અરબો પઠાણો તુર્ક મુઘલોનાં -
રેલ્યાં પૂર, તેનાં મહાતરંગોમાં
ડોલતો આકાશ થકી મલક્યા કરતો જે હતો;
કૃષ્ણ મહાવીર બુદ્ધ રાજર્ષિ અશોક હર્ષ
અકબ્બરના ખમીર વડે જે તેજસ્વી હતો;
ધૂંધળો રહેલો બે શતક જે,
ધૂંધવાયો પૂરો એક શતક જે,
એ જ કે પ્રકાશવાનો સૂર્ય આજે ?

ઊગે તું નિષ્પ્રભ ભલે આજે મેઘાચ્છન્ન નભે,
પુરુષાર્થના પ્રખર પ્રતાપે મધ્યાહ્ન તારો
દીપો ભવ્ય તપોદીપ્ત !
હે સુદિન મુક્તિ તણા !
રાહ જોતા હતા જેની, તે જ તું આવ્યો છે ? આવ. - ઉમાશંકર જોશી

તારા નામમાં, ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતાભરી !

તારા નામમાં, ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતાભરી !
મુરદા મસાણથી જાગતાં, તારા શબ્દમાં શી સુધાભરી !

પૂછી જોજો કોઈ ગુલામને,
ઊઠ્યા કેવા ઓઘ એને મને
મળી મુક્તિ મંગળ જે દિને ;

એને કાને શબ્દ પડ્યો 'તું સ્વાધીન' શી અહો સુખની ઘડી,
એની આંખ લાલમલાવ છાતીમાં છોળો છલકાઈ પડી.

એને ભાન મુક્તિતણું થયું,
એનું દૈન્ય ક્યાં ટપકી ગયું,
એનું દિલગુલાબ ઝૂલી રહ્યું,

એના મસ્તકે નમવાનું ભૂલી આભ શું માંડી આંખડી,
એની ઊર્મિ રાંક મટી રૂડા જગબાગમાં રમવા ચડી.

પડું કેદખાનાંને ઓરડે,
લટકુંયે ફાંસીને દોરડે,
લાખો ગોળી તોપતણી ગડે;

તારો હાથ હોય લલાટ, તો ભલે આવે જુલ્મ તણી ઝડી !
તારું નામ હોય જબાન, તો શી છે ભીતિ, ઓ મારી માવડી !

મારા દેશના સહુ શોષિતો,
દુનિયાના પિડીતો તાપિતો
ખૂણે ખૂણે ગાય તારા ગુણો

એના ભૂખ્યા પેટ છતાં એને, કેવી મોંઘી તુ કેવી મીઠી
એના બેડી બંધન તુટશે, એવી આશે ખલ્ક બધી ખડી ! - ઝવેરચંદ મેઘાણી

## કોઇનો લાડકવાયો

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે;
ઘાયલ મરતાં મરતાં રે! માતની આઝાદી ગાવે.

કોની વનિતા, કોની માતા, ભગિનીઓ ટોળે વળતી,
શોણિતભીના પતિ-સુત-વીરની રણશૈયા પર લળતી;
મુખથી ખમ્મા ખમ્મા કરતી માથે કર મીઠો ધરતી.

થોકે થોકે લોક ઊમટતા રણજોધ્ધા જોવાને,
શાબાશીના શબ્દ બોલતા પ્રત્યેકની પિછાને;
નિજ ગૌરવ કેરે ગાને જખમી જન જાગે અભિમાને.

સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો,
છેવાડો ને એક્લવાયો અબોલ એક સૂતેલો;
અણપૂછયો અણપ્રીછેલો કોઇનો અજાણ લાડીલો.

એનું શિર ખોળામાં લેવા કોઇ જનેતા ના'વી;
એને સીંચણ તેલ-કચોળા નવ કોઇ બહેની લાવી;
કોઇના લાડકવાયાની ન કોઇએ ખબર પૂછાવી.

ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી,
સન્મુખ ઝીલ્યાં ઘાવો મહીંથી ટપટપ છાતી ચૂતી;
કોઇનો લાડકવાયાની આંખડી અમૃત નીતરતી.

કોઇના એ લાડકવાયાનાં લોચન લોલ બિડાયાં,
આખરની સ્મૃતિનાં બે આંસુ કપોલ પર ઠેરાયાં;
આતમ-લપક ઓલાયો, ઓષ્ટનાં ગુલાબ કરમાયાં.

કોઇનાં એ લાડકડા પાસે હળવે પગ સંચરજો,
હળવે એનાં હૈયા ઊપર કર-જોડામણ કરજો;
પાસે ધૂપસળી ધરજો, કાનમાં પ્રભુપદ ઉચરજો!

વિખરેલી એ લાડકડાની સમારજો લટ ધીરે,
એને ઓષ્ટ-કપોલે-ભાલે ધરજો ક ફુંબન ધીરે;
સહુ માતા ને ભગિની રે! ગોદ લેજો ધીરે ધીરે.

વાંકડિયા એ ઝુલ્ફાંની મગરૂબ હશે કો માતા,
એ ગાલોની સુધા પીનારા હોઠ હશે બે રાતા;
રે! તમ ચુંબન ચોડાતાં પામશે લાડકડો શાતા.

એ લાડકડાની પ્રતિમાનાં છાનાં પૂજન કરતી,
એની રક્ષા કાજા અહનિરશ પ્રભુને પાયે પડતી;
ઉરની એકાંતે રડતી વિજોગણ હશે દિનો ગણતી.

કંકાવટીએ આંસુ ધોળી છેલ્લું તિલક કરતાં,
એને કંઠ વીંટાયાં હોશે કર બે કંકણવંતા;
વસમાં વળામણાં દેતાં બાથ ભીડી બે પળ લેતાં.

એની કૂચકદમ જોતી અભિમાન ભરી મલકાતી,
જોતી એની રૂધિર – છલક્તી ગજગજ પ્હોળી છાતી;
અધબીડ્યાં બારણિયાંથી રડી કો હશે આંખ રાતી.

એવી કોઇ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે,
એકલડો ને અણબૂઝેલો અગન-પિછોડી ઓઢે;
કોઇના લાડકવાયાને ચૂમે પાવકજ્વાલા મોઢે.

એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી,
એ પથ્થર પર કોતરશો નવ કોઇ કવિતા લાંબી;
લખજો: 'ખાક પડી આંહી કોઇના લાડકવાયાની'.

- ઝવેરચંદ મેઘાણી

ગુણવંતી ગુજરાત

ગુણવંતી ગુજરાત ! અમારી ગુણવંતી ગુજરાત !
નમિયે નમિયે માત ! અમારી ગુણવંતી ગુજરાત !

મોંઘેરા તુજ મણિમંડપમાં, ઝૂકી રહ્યાં અમ શીશ !
માત મીઠી ! તુજ ચરણે પડીને માગિયે શુભ આશિષ !
અમારી ગુણવંતી ગુજરાત !

મીઠી મનોહર વાડી આ તારી નંદનવન શી અમોલ !
રસફૂલડાં વીણતાં વીણતાં ત્યાં કરિયે નિત્ય કલ્લોલ !
અમારી ગુણવંતી ગુજરાત !

સંત મહંત અનંત વીરોની, વહાલી અમારી માત !
જય જય કરવા તારી જગતમાં અર્પણ કરિયે જાત !
અમારી ગુણવંતી ગુજરાત !

ઊંડા ઘોર અરણ્ય વિષે કે સુંદર ઉપવનમાંય :
દેશવિદેશ અહોનિશ અંતર એક જ તારી છાંય !
અમારી ગુણવંતી ગુજરાત !

સર સરિતા રસભર અમીઝરણાં, રત્નાકર ભરપૂર:
પુણ્યભૂમિ ફળફૂલ ઝઝૂમી, માત ! રમે અમ ઉર !
અમારી ગુણવંતી ગુજરાત !

હિન્દુ મુસલમાન,પારસી, સર્વે માત ! અમે તુજ બાળ :
અંગ ઉમંગ ભરી નવરંગે, કરિયે સેવા સહુ કાળ !
અમારી ગુણવંતી ગુજરાત !

ઉર પ્રભાત સમાં અજવાળી ટાળી દે અંધાર !
એક સ્વરે સહુ ગગન ગજવતો કરિયે જયજયકાર
અમારી ગુણવંતી ગુજરાત !

નમિયે નમિયે માત ! અમારી ગુણવંતી ગુજરાત !

- અરદેશર ખબરદાર

## હિંદમાતાને સંબોધન

ઓ હિંદ ! દેવભૂમિ ! સંતાન સૌ તમારાં !
કરીએ મળીને વંદન ! સ્વીકારજો અમારાં !

હિંદુ અને મુસલમિન : વિશ્વાસી, પારસી, જિન :
દેવી ! સમાન રીતે સંતાન સૌ તમારાં !

પોષો તમે સહુને, શુભ ખાનપાન બક્ષી :
સેવા કરે બને તે સંતાન સૌ તમારાં !

રોગી અને નીરોગી, નિર્ધન અને તવંગર,
જ્ઞાની અને નિરક્ષર : સંતાન સૌ તમારાં !

વાલ્મીકિ, વ્યાસ, નાનક, મીરાં, કબીર, તુલસી,
અકબર, શિવાજી, માતા ! સંતાન સૌ તમારાં !

સૌની સમાન માતા, સૌએ સમાન તેથી :
ના ઉચ્ચનીચ કોઈ સંતાન સૌ તમારાં !

ચાહો બધાં પરસ્પર : સાહો બધાં પરસ્પર
એ પ્રાર્થના કરે આ સંતાન સૌ તમારાં !

– કાન્ત

ફરી રાષ્ટ્રના કણકણથી...

રણઘેલા હિન્દુ યુવકોની વિજયગર્જના ગાજે,
ફરી રાષ્ટ્રના કણકણથી અભિમાન સ્વત્વનું જાગે.

પાવનક્ષણ આ માતૃભૂમિના અપમાનો ધોવાની,
આજ પ્રતિક્ષા કરતી માતા રણતત્પર યૌવનની,
સત્પુત્રોના બલિદાને અમ રાષ્ટ્ર ચેતના જાગે...
ફરી રાષ્ટ્રના...

પ્રાચીનતમ આ રાષ્ટ્રદેવ પર સંકટવાદળ છાયા,
દુષ્ટ વિદેશી કાક ગીધોના આજ પડ્યા ઓછાયા,
સઁઘશક્તિના સૂર્યકિરણથી નવચૈતન્ય પ્રકાશે...
ફરી રાષ્ટ્રના...

સ્વતઁત્રતાના રક્ષણ કાજે વહેશે શોણિતધારા,
અસુરશક્તિને મહાત કરશે સાત્વિક ચિંતનધારા,
પુનઃ વિશ્વના સિંહાસન પર ભારતમાત બિરાજે,
ફરી રાષ્ટ્રના..

હું ગુર્જર ભારતવાસી.....

હું ગુર્જર ભારતવાસી.
ઝંખો પલ પલ સહુજન મંગલ મન મારું ઉલ્લાસી . હું.....

અર્બુદ- અરબસમુદ્ર વચાળે
ધરતીના આ આઉ દુધાળે,
આવી વળગી હર્ષ-ઉછાળે
ઉત્તર પશ્ચિમ દક્ષિણ પૂર્વથી વિધ વિધ પ્રજા સુહાસી . હું.....

ધન્ય ધરા આ, કૃષ્ણ વસ્યા જ્યાં,
વિપદ દીઠી ક્યહીં, ત્વરિત ધસ્યા ત્યાં;
ગીતામૃત પી ગાંધી હસ્યા હ્યાં.
ગાંધી-કૃષ્ણની કરુણાકરણી રહો જ ચિત્ત ઉપાસી . હું....

અશોક-ધર્મલિપિ ઉર મુજ અંકિત,
ઈસાઈ પારસિક મુસ્લિમ જિન-હિત
મંત્ર મધુર ગુંજે અંવિશંકિત :
‘સર્વ ધર્મ સમ, સર્વ ધર્મ મમ.’ – ઉર એ રહો પ્રકાશી . હું....

ગિરિચટ્ટાન સમાણી છાતી
જલધિતરંગ નાથે મદમાતી,
રમે વિદેશે સાહસ-રાતી
સદાજાગરૂક જગતનાગરિક સાગરતીર્થનિવાસી.
હું ગુર્જર ભારતવાસી.
ઝંખો પલ પલ સહુજન મંગલ મન મારું ઉલ્લાસી - ઉમાશંકર જોશી

**સ્વતંત્રતા દિવસ...સ્વતંત્રતા, દે વરદાન એટલું.....**

સ્વતંત્રતા, દે વરદાન એટલું :
ન હીન સંકલ્પ હજો કદી મન.

હૈયું કદીયે ન હજો હતાશ.
વાણી ન નિષ્કારણ હો કઠોર.
રૂંધાય દૃષ્ટિ નહિ મોહધુમ્મસે.
ને આંખમાંના અમી ના સૂકાય.

ન ભોમકા ગાય વસૂકી શી હો.
સ્ત્રીઓ વટાવે નિજ સ્ત્રીત્વ ના કદી.
બને યુવાનો ન અકાલ વૃદ્ધ.
વિલાય ના શૈશવનાં શુચિ સ્મિતો.

તે પંગતે હો સહુથી ય છેલ્લા.
ને બ્રાહ્મણો- સૌમ્ય વિચારકો તે,
સત્તા તણા રે! ન પુરોહિતો બને.
સ્વતંત્રતા, દે વરદાન આટલું.

- ઉમાશંકર જોશી

તું !

પુનિત વર્ષના પુણ્ય પ્રભાતે, જ્યોત નવી લહરાય.
આઝાદીના રંગ અવનવા પૂરવમાં પૂરાય ...
આજના શુભ દિવસે
જાગજે હસી હસીને !
અંગ અંગમાં ભરી ઉમંગે રંગ નવા લાવી ઉષા !
મુક્તિ કેરાં મંગલ-ગીતો ગાયે આજે દશે દિશા !
આજનાં પાવન ટાણે
ગીત ગૌરવનાં ગાને !
કૈંક વર્ષ જે સહી ગુલામી, પડી યાતના-વૃષ્ટિ !
તૂટી જોને જૂલ્મ જંજીરો, સર્જ નવી તું સૃષ્ટિ !
આજના ગૌરવ દિને !
દીનનાં દુઃખડાં પી લે !
સત્ય તણી શમશેર વડે તું પાપીને દેજે પડકાર !
સ્વાર્પણ કેરાં દીપ થકી તું વિશ્વતણાં તિમિર વિદાર !
આજથી કમ્મર કસજે !
હસાવી સહુને, હસજે !
સેવાની સુવાસ સરાવી વિશ્વ તણી વાડી મ્હેંકાવ !
આલમની આબાદી કાજે આત્માનાં ઓજસ રેલાવ !
સળી તું ધૂપની થાજે !
સહુને સુવાસ પાજે !
પુણ્યશ્લોક "બાપુ"ના મંત્રો, જીવનમાં આચરજે !
માનવતાની મંઝિલ ઉપર ત્યાગ – તેજ પાથરજે !
પ્રેમનાં પાઠ તું ભણજે !
ઐક્ય અમૃત રેલવજે !

- રવિ ઉપાધ્યાય

**પ્રજાસત્તાક દિન...લાલ કિલ્લો ગર્વીલો.....રમેશ પટેલ 'આકાશદીપ'**

મસ્ત ગગને મસ્ત હવામાં,
જોમ ભરે જોશીલો
કસુંબલ કેસરી ધવલ લીલો
અશોક ચક્રે શોભીલો
ફર ફર ફરકે અમારો ત્રિરંગો,
હરખે લાલ કિલ્લો ગર્વીલો(૨)

નોંખી નોંખી સંસ્કૃતિથી શોભતો
સાગર રણ હિમાળો
છે વાણીનાં ઝરણાં જુદાં
થાય સરિતા ધોધો
ભારત પ્રેમ પ્રકાશનો પ્યાલો
હરખે લાલ કિલ્લો ગર્વીલો(૨)
આઝાદીની ગાથાએ લહેરાતો
જોશ ભરે સંતાનો
શ્વેત પારેવડાં દે સંદેશા
અમન શાન્તિનો નારો
વંદે માતરમ ભાવે જનજન જાગ્યો
હરખે લાલ કિલ્લો ગર્વીલો(૨)

રાષ્ટ્ર શોભે તારી શાને
છે જોમવંતો જયહિન્દ નારો
રાષ્ટ્ર ધૂને હરખે વીર જવાનો,
રાષ્ટ્ર અમારો મોંઘેરો
ધન્ય ગૌરવ દિન અમારો
ફરફર ફરકે અમારો ત્રિરંગો
હરખે લાલ કિલ્લો ગર્વીલો(૨)

ભારત માતા સાદ કરે છે

ભારત માતા સાદ કરે છે જાગો નરને નારી. . . .
દેશદાઝ કાજે પ્રગટાવો અગ્નિ પ્રલયંકારી. . . . .
હરિયાળી આ ભૂમિ પર દુશ્મનની નજર પડી,
સજ્જ બની લાખોંની સેના સરહદ ઉપર ખડી.
નાશ કરો એ નરપિશાચનો, કમર કસી સહુ ભારી..
ભારત માતા સાદ કરે છે જાગો નરને નારી. . . . .
બ્રહ્મપુત્ર, આસામ રક્ષજો, હિમાલય ને કાંચનજંઘા..
જો જો થાયે કલુષિત ના પાવન યમુના ને ગંગા...
એક અખંડ, હો વિજયવંત, કાશ્મીરથી કન્યાકુમારી..
ભારત માતા સાદ કરે છે જાગો નરને નારી. . . . .
એક એક નર રૂદ્ર બનો... એક એક નારી ચંડી...
વિરાટ જનશક્તિ જાગો, પીંખી નાખો પાખંડી..
સૃજલાં સુફલાં ભારતની મુક્તિ હો મંગલકારી..
ભારત માતા સાદ કરે છે જાગો નરને નારી. . . . .
- રવિ ઉપાધ્યાય

હાકલ પડી છે આજ.....

હાકલ પડી....
હાકલ પડી...
હાકલ પડી છે આજ હે જવાન જાગજે
તુ રક્ષવા મા ભારતી સુષુપ્તિ ત્યાગજે. હાક્લ પડી

પંથ છે વિકટ વિશેષ, લેશ તું ડરીશ ના
એક નેક ટેકથી વીરેશ તું ચળીશ ના,
વદન ઉપર વિજયનું નિત સ્મિત ધારજે. હાકલ પડી

ગગનને ભેદી રહી છે યુધ્ધભેરીઓ
જંગમાં ઝુકાવવાને સાદ દે દિલેરીઓ
જરૂર પડ્યે હે ! ઝીંદાદીલ શહીદ થૈ જજે. હાકલ પડી

જવાન જાગજે..... જવાન જાગજે..... જવાન જાગજે

- રવિ ઉપાધ્યાય

હમ હોંગે કામયાબ

હમ હોંગે કામયાબ, હમ હોંગે કામયાબ,

હમ હોંગે કામયાબ, એક દિન....

હો...ઓ...મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ,

હમ હોંગે કામયાબ એક દિન...

હમ ચલેંગે સાથ સાથ, ડાલ હાથો મે હાથ (2)

હમ ચલેંગે સાથ સાથ એક દિન

હો...ઓ... મન મેં હૈ વિશ્વાસ, પુરા હૈ વિશ્વાસ,

હમ ચલેંગે સાથ સાથ એક દિન...

હોગી શાંતિ ચારોં ઓર (2)

હોગી શાંતિ ચારોં ઓર એક દિન,

હો...ઓ...મન મેં હૈ વિશ્વાસ,પૂરા હૈ વિશ્વાસ,

હોગી શાંતિ ચારોં ઓર એક દિન...

હમે સત્ય મુકત કરેગા (2)

હમે સત્ય મુકત કરેગા એક દિન,

હો...ઓ... મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ

હમ સત્ય મુકત કરેગા એક દિન...

નહી ડર કિસી કા આજ (2)

નહીં ભય કિસી કા આજ કે દિન,

હો...ઓ... મન મેં હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ,

નહી ડર કિસી કા આજ એક દિન...

ધ્વજ વંદન ગીત

વિજયી વિશ્વ તિરંગા પ્યારા,ઝંડા ઉંચા રહે હમારા,

સદા શકિત સરસાને વાલા, પ્રેમ –સુધા બરસાને વાલા,

વીરો કો હરસાને વાલા, માતૃભૂમિ કા તન-મન સારા,

ઝંડા ઉંચા રહે હમારા

શાન ન ઈસકી જાને પાયે, ચાહેં જાન ભલે હી જાયે,

વિશ્વ-વિજય કરકે દિખલાયેં, તબ હોવે પણ પૂર્ણ હમારા.

ઝંડા ઉંચા રહે હમારા

આ ઓ પ્યારો વીરો આવો રાષ્ટ્રધ્વજા પર બલીબલી જાઓ,

એક સાથ સબ મિલકર ગાઓ પ્યારા ભારત દેશ હમારા,

ઝડા ઉંચા રહે હમારા

વિજય વિશ્વ તિરંગા પ્યારા, ઝંડા ઉંચા રહે હમારા,

સ્વ.શ્રી શ્યામલાલ ગુપ્તા

ગાયકઃ- એ.આર. રહેમાન

યહાઁ વહાઁ સારા જહાઁ દેખ લિયા
અબતક ભી તેરે જૈસા કોઈ નહીં
મૈં અસ્સી નહીં સૌ દિન દુનિયા ઘૂમા હૈ
નહી કાહે તેરે જૈસા કોઈ નહીં
મૈં ગયા જહાઁ ભી, બસ તેરી યાદ થી
જો મેરે સાથ થી મુઝકો તડપાતી રુલાતી
સબસે પ્યારી તેરી સૂરત
પ્યાર હૈ બસ તેરા, પ્યાર હી
મા તુઝે સલામ, મા તુઝે સલામ, અમ્મા તુઝે સલામ
વંદે માતરમ, વંદે માતરમ [3]

જનમ જનમ તેરા હુઁ દિવાના
ઝૂમૂં નાચૂં ગાઉં તેરે પ્યારકા તરાના
મૈં જીના નહીં સોચ નહીં દુનિયાકી દૌલત નહીં
બસ લૂટુઁગા તેરે પ્યારકા ખજાના
એક નઝર જબ તેરી હોતી હૈ પ્યારકી
દુનિયા તબ તો મેરી ચમકે દમકે મહેકે રે
તેરા ચહેરા સૂરજ જૈસા ચાંદસી થંડ હૈ પ્યાર મૈં
વંદે માતરમ, વંદે માતરમ [3]

તેરે પાસ હી મૈં આ રહા હૂં
અપની બાહેં ખોલ દે
જોર સે મુઝકો ગલે લગા લે
મુઝકો ફિર વો પ્યાર દે
તુ હી ઝિંદગી હૈ, તુ હી મેરી મહોબ્બત હૈ
તેરે હી પૈરોં મૈં જન્નત હૈ
તુ હી દિલ, તુ જાન અમ્મા
મા તુઝે સલામ, મા તુઝે સલામ, અમ્મા તુઝે સલામ, મા તુઝે સલામ
વંદે માતરમ, વંદે માતરમ [3]

દેશભક્તિનું કાવ્ય

રાગઃ જહાં ડાલ ડાલ પર સોનેકી
જુઓ મા ભારતિના સંતાનો
જુઓ મા ભારતિના સંતાનો
નિપજે નર ને નારી એવા
દેતા દેહ તણા બલિદાનો
જુઓ મા ભારતિના સંતાનો (૧)
અરે મદન મોહન માલવિયા જુઓ
ગૌરવ રગ રગ હિન્દુ ધરમનું
મા ભારતિ માટે શહિદ થવાનો
ખરો સંકલ્પ ઢીંગરાનો
જુઓ મા ભારતિના સંતાનો (૨)
એક જ વસ્ત્ર વ્રત ધરી દિલમાં
છલકતો સાગર દયાનો
અરે શાંતિ દૂત એ સત્ય અહિંસક
જુઓ મહાત્મા ગાંધી મજાનો
જુઓ મા ભારતિના સંતાનો (૩)
ચીડીયાકો મે બાજ બનાઊ
સવા લાખસે એક યોધો લડાઊ
એ તેગ બહાદુર ગુરુ ગોવિંદસિંહ
થયા પુત્રો સહિત કુરબાનો
જુઓ મા ભારતિના સંતાનો (૪)
અરે પતો નહિ પૃથ્વિ પર
કરી છેલ્લી ભારત મા ને સલામો
એ સુભાષ શુરવીર અડિખમ યોદ્ધા
અરે ખેલ્યા કેવા સંગ્રામો
જુઓ મા ભારતિના સંતાનો (૫)

વીર સાવરકર ચંદ્રશેખરને
ભગતસિંહ મજાનો
ચડી હસ્તે મોઢે ફાંસિ પર
થયા અમર શહિદ યુવાનો
જુઓ મા ભારતિના સંતાનો (૬)
જેનું ભાલું ચેતક ભાળી ટેકને
ધૃજે જંગમાં વીર જુવાનો
એ પરપીડા હરવાના પ્રતાપને
અંગમાં કેવા અભિમાનો
જુઓ મા ભારતિના સંતાનો (૭)
યુધ્ધોમાં ધરણી ધૃજાવે
રણચંડીનું રૂપ ધરીને
એ રોમ રોમ ઝાંસી રાણીને
ઉમંગ ખરો આઝાદિનો
જુઓ મા ભારતિના સંતાનો (૮)
અરે હૈયું હરખી આપે ભવાનિ
સમશેર શિવાજીને
એ સંસ્કૃતિ માટે છત્રપતિને
મળી સમરથ ગુરુની શાનો
જુઓ મા ભારતિના સંતાનો (૯)
આઝાદી માટે હોમાઈ ગયા
ઘણા નર નારિ ને યુવાનો
કહે નાથા ભગત જુગ જુગ એના
રહે કિરતિ ને અમર નામો
જુઓ મા ભારતિના સંતાનો (૧૦)

ભારતમાતાની સ્તુતિ

ધન્ય ધન્ય ભારત માં તુ ભવાની
તુમ સમ ઓર દયાલુ ન દાની
સાધુ સંતકી માં તુ રખવાલી
શંખ ચક્ર ગદા ત્રિશુલા ધારી
ધન્ય ધન્ય .. (૧)

તુમ્હાર ચરણ ગ્રહે માં કોઈ
સંકટ મીટે સદા સુખ હોઈ
પતિત ત્યાં પાવન થઈ જાઈ
અજ્ઞાની જ્ઞાની બની જાઈ
ધન્ય ધન્ય .. (૨)

સબ દેવીમાં માં તુ દેવી
તુમ્હારી મુર્તિ મહા તેજસ્વી કેવી
શુરવીરોને માં તુ શક્તિ દેનારી
અસુરો કો સંહાર કરનારી
ધન્ય ધન્ય .. (૩)

હરિદ્વાર તપસ્વી ભુમી સારી
કુટીર સમન્વય ત્યાં સેવા ભારી
ગુરૂદેવને પરિશ્રમ ઉઠાઈ
ભારતમાતા મંદિર બનાઈ
ધન્ય ધન્ય .. (૪)

નીત નીત સાધુ ત્યાં ભોજન જમતાં
ગંગામૈયા ત્યાં ખળખળ વહેતા
રામાયણ ગીતાના સ્વર ત્યાં ગૂંજે
રામ નામ વીના કશુ ન સુજે
ધન્ય ધન્ય .. (૫)

શંકા રહે તો જોવો જઈ ભાઈ
ત્યાં ભારતમાતા બીરાજે સદાઈ
નાથાભગત કહે સત્યભજન કૃપા થઈ ભાઈ
ગુરૂ સત્યમિત્રાનંદ અમર રહો ભાઈ
ધન્ય ધન્ય .. (૬)